## શ્રી કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ-મોરબી સંચાલિત

# ઉમા સંસ્કારધામ



ઉમા સંસ્કારધામ, મોરબી-રાજકોટ હાઈવે, મોરબી-૩૬૩ ૬૪૧
મો.નં. ૯૭૩૭૫ ૨૨૮૨૨

## ઉમા આદર્શ લગ્ન

**"સંસ્થાનો હેતુ સમયની બચત,પ્રતિભા સંપન્ન પરિવાર,પ્રતિષ્ઠાની જાળવણી, અતિશયોકિતને લગામ,બિનજરૂરી પ્રથાને અટકાવીએ,પસંગમાં માણસોની સંખ્યાની મર્યાદા વગેરે માટે સમાજનું પ્રેરણાત્મ પગલુ."**

### ❖ લગ્ન નોંધણી માટેના નીતિ-નિયમો :

(૧) આ લગ્ન યોજનામાં જોડાનાર વરપક્ષ પાટીદાર સમાજનો હોવો ફરજીયાત છે.

(૨) લગ્ન નોંધણી માટે ૭ દિવસ પહેલા નિયત ફોર્મ ભરી ફી જમા કરાવવાની રહેશે.

(૩) લગ્ન નોંધણી માટે બન્ને પક્ષ તરફથી એક-એક જવાબદાર વ્યકિતએ એટલે કે (પિતા અથવા માતા) એ ફરજીયાત રૂબરૂ આવવાનું રહેશે.(ટેલીફોનીક નોંધણી કરવામાં આવશે નહી.)
સમયઃ સવારે ૯:૦૦ થી ૧૨:૦૦, બપોરે ૪:૦૦ થી ૬:૦૦
સ્થળઃ ઉમા સંસ્કારધામ, મોરબી-રાજકોટ હાઈવે, મોરબી.

(૪) સરકારી નિયમ મુજબ કન્યાની ઉંમર ૧૮ વર્ષ તથા વરરાજાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ.

(૫) લગ્ન નોંધણી સમયે કન્યા તથા વરરાજાના જન્મ તારીખના દાખલાની ઓરીજીનલ અથવા ટ્રુ કોપી, આધાર કાર્ડની નકલ, બે પાસપોર્ટ સાઈઝ ફોટો, બન્નેપક્ષના વાલીના આધારકાર્ડની નકલ અને રેશનકાર્ડની નકલ સાથે અવશ્ય લાવવાની રહેશે.

(૬) છૂટા છેડા વાળા કિસ્સામાં સરકાર માન્ય કરાર તથા મૈયત વાળા કિસ્સામાં મૃત્યુ પ્રમાણપત્રની ટ્રુ કોપી કરેલી નકલ જમા કરાવવાની રહેશે.

(૭) એક દિવસે વધુમાં વધુ બે લગ્ન કરી આપવામાં આવશે.(એક લગ્નનો સમય સવારે ૬:૩૦ થી ૧:૦૦ વાગ્યા સુધીનો રહેશે. અને બીજા લગ્નનો સમય બપોરે ૩:૦૦ થી ૯:૦૦ વાગ્યા સુધીનો રહેશે.) સરકારશ્રીના ધારા ધોરણ મુજબ લગ્ન નોંધણી કરાવવાની જવાબદારી જે તે પક્ષની રહેશે.

(૮) સંસ્થાની લગ્ન નોંધણી ફી, લગ્નહોલ, લાઈટ, સફાઈ વગેરે માટે વરપક્ષ તથા કન્યાપક્ષ બંનેએ રૂા.૫,૧૦૦/- + રૂા.૫,૧૦૦/- ભરવાના રહેશે.

(૯) લગ્નમાં કન્યાપક્ષ તરફથી વધુમાં વધુ ૧૧૧ તથા વરપક્ષ તરફથી વધુમાં વધુ ૧૧૧ ટોટલ ૨૨૨ સુધીની સંખ્યાની મર્યાદામાં આવી શકશે. (સંખ્યાની મર્યાદા કરતા એક પણ વ્યકિત વધુ ન હોવા જોઈએ.)

(૧૦) દિકરીનાં દ્વીતિય લગ્નમાં સંસ્થા તરફથી કરીયાવરની કીટ આપવામાં આવશે નહી.

(૧૧) લગ્નમાં કોઈપણ પ્રકારની ગેરરીતી કરવામાં આવે તેમા સંસ્થાની કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

(૧૨) કુદરતી તથા આકસ્મિક અઘટિત ઘટના માટે સંસ્થા જવાબદાર નથી.

## ❖ સંસ્થા તરફથી આયોજન-સગવડતા (નિઃશુલ્ક) :

(૧) લગ્નપ્રસંગે જમણવારની તથા સવારે ચા-પાણી નાસ્તાની વ્યવસ્થા સંસ્થા તરફથી કરવામાં આવશે.
(૨) ચા-પાણી, નાસ્તા તથા જમણવારનું મેનુ સંસ્થા દ્વારા નકકી કર્યા મુજબ રહેશે.
(૩) બંન્ને પક્ષને લગ્ન માટે ૬૦૦૦ ફુટનો લગ્ન હોલ, ૬૦૦૦ ફુટનો ભોજનાલય હોલ તેમજ વર-કન્યા માટે એક-એક રૂમ તથા જાનના મહેમાનો માટે એક જનરલ રૂમની સુવિધા આપવામાં આવશે.
(૪) લગ્નપ્રસંગ માટેની કાર્ડ/કંકોત્રી અલગથી છપાવવી નહી. સંસ્થા તરફથી ડીજીટલ કાર્ડ/કંકોત્રી બનાવી આપવામાં આપશે.
(૫) સામૈયા માટે ઢોલ-શરણાઈની સગવડતા સંસ્થા તરફથી કરવામાં આવશે.

## ❖ સંસ્થા તરફથી સપ્રેમ ભેટ (નિઃશુલ્ક કરિયાવર) :

(૧) સંસ્થા દ્વારા જે કરિયાવરનું લિસ્ટ આ સાથે આપવામાં આવેલ છે. તે મુજબની વસ્તુઓ સંસ્થાએ નકકી કરેલા સ્થળેથી મેળવી લેવાની રહેશે.
(૨) સંસ્થા તરફથી કન્યાને માતાજીના આશીર્વાદ રૂપે ચુંદડી તથા માતાજીનો ફોટો આપવામાં આવશે.
(૩) લગ્નોત્સવમાં જોડાનારને સંસ્થા તરફથી અભિવાદન પત્ર આપવામાં આવશે.

## ❖ લગ્ન વિધિ-સામગ્રી સંબધિત સગવડતા :

### ❖ સંસ્થા તરફથી આપવામાં આવશે :

(૧) લગ્ન હિન્દુ શાસ્ત્રોકત વિધિ મુજબ બ્રાહ્મણ દ્વારા સંસ્થાના નિયમ મુજબ કરવામાં આવશે. બ્રાહ્મણને કોઈ દાન ભેટ કે દક્ષિણા તમારે આપવાની નથી.
(૨) લગ્નવિધિમાં પૂજાને લગતી તમામ વસ્તુઓ(પૂજાપો) સંસ્થા તરફથી આપવામાં આવશે.
(૩) લગ્નવિધિ સમયે બેસવા પાટલા, મંડપમાં દેવસ્થાન માટે પાટલા તથા કંસાર માટે પાટલો,થાળી વગેરે વસ્તુ સંસ્થા તરફથી આપવામાં આવશે. જે લગ્નવિધિ બાદ સંસ્થાને પરત સોંપી દેવાના રહેશે.

### ❖ કન્યાપક્ષ તરફથી ઘરેથી લાવવાની વસ્તુઓ :

(૧) છેડા છેડી માટે ખેસ તથા ચુંદડી, કંસાર માટે મીઠાઈ, વધાવવા માટે ચુંદડી, મોતી ભરેલી ઈંઢોણી, વરબેડિયુ (લોટી નાળીયેર) તથા ફુલના ત્રણ હાર તથા અન્ય જરૂરી વસ્તુઓ.
(૨) કન્યાપક્ષ મંડપારોપણ તથા ગણેશ સ્થાપના સંસ્થાએ કરી શકશે.

### ❖ વરપક્ષ તરફથી ઘરેથી લાવવાની વસ્તુઓ :

(૧) વધાવવા માટે ખેસ તથા ચુંદડી, લગ્ન પત્રિકા (લગનિયુ) તથા ફુલના ત્રણ હાર તથા અન્ય જરૂરી વસ્તુઓ.
(૨) વરપક્ષ મંડપારોપણ આગલા દિવસે પોતાના ઘરે કરવાનું રહેશે.

## ❖ કન્યાપક્ષ-વરપક્ષ સ્વખર્ચે કરી શકશે :

(૧) લગ્નહોલમાં ઠંડાપીણા કે આઈસ્કીમની વ્યવસ્થા સ્વખર્ચે કરી શકાશે. જેની વિતરણ વ્યવસ્થા તમારે કરવાની રહેશે.
(૨) ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફીની વ્યવસ્થા સ્વખર્ચે કરવાની રહેશે.
(૩) વેલકમ માટેનું બેનર તથા અન્ય કોઈ બેનર સ્વખર્ચે લગાવી શકાશે.

## ❖ ઉમા આદર્શ લગ્ન માટે પ્રતિબંધિત છે.

(૧) સંસ્થા પરિસરમાં ફટાકડા ફોડવાની તથા બેંડવાજા તથા ડી.જે. વગાડવાની મનાઈ છે.
(૨) પોતાના ઘેર દાંડીયા-રાસ, કુલેકુ તથા મોટા જમણવારનો પ્રોગ્રામ ગોઠવી શકાશે નહી.
(૩) હલ્દી રશમનું મોટુ આયોજન કરી શકાશે નહી.
(૪) પ્રિવેડીંગ કરવા પર પ્રતિબંધ રહેશે.

## ❖ શિસ્ત-સ્વચ્છતા, જાળવણી અને સહકાર :

(૧) ઉમા આદર્શ લગ્ન અભિયાન જો 'કાયમી' ચાલું રાખવા હોય તો સંસ્થાનાં નીતિ-નિયમોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ. સંસ્થાની પ્રતિષ્ઠા વધારવી તે આપણા સહુના હાથમાં છે.
(૨) પાન-મસાલા,ગુટખા,સિગરેટ કે અન્ય કેફી વસ્તુનો ઉપયોગ પ્રતિબંધિત રહેશે.
(૩) લગ્નને દિવસે ચા-પાણી, નાસ્તો તથા જમણવાર માટે પિરસવાની વ્યવસ્થા બન્નેપક્ષોએ કરવાની રહેશે. તેમજ ત્રણ-ત્રણ સ્વયંસેવક ભાઈઓએ પ્રસંગ પૂર્ણ થાય ત્યા સુધી હાજર રહેવાનું રહેશે.

# ❖ લગ્ન નોંધાવવા માટેના જરૂરી દસ્તાવેજ ❖

✻ દસ્તાવેજ ટ્રુ કોપી (પ્રમાણિત) કરેલી નકલ ✻

(૧) વર-કન્યાનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ૧-૧ ફોટો
(૨) વર-કન્યાનો જન્મ તારીખનો પુરાવો (એલ.સી./જન્મનો દાખલો)
(૩) પિતા-વાલીની ઓળખ તથા રહેઠાણનો પુરાવો (આધારકાર્ડ/ચૂંટણીકાર્ડ/ડ્રાઈવીંગ લાયસન્સ/પાસપોર્ટ)

## લગ્નવીધીની સમયમુજબ રૂપરેખા

**પ્રથમ લગ્ન**

| | |
|---|---|
| ✻ કન્યાપક્ષ આગમન | : સવારે ૬:૦૦ કલાકે |
| ✻ જાન આગમન | : સવારે ૬:૩૦ કલાકે |
| ✻ મંડપ, ગણેશપૂજા | : સવારે ૭:૦૦ થી ૮:૦૦ |
| ✻ લગ્નવિધિ | : ૦૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યા સુધી |
| ✻ ભોજન પ્રસાદ | : ૧૧:૦૦ થી ૧૨:૦૦ સુધી |
| ✻ કન્યા વિદાય | : બપોરે ૧૨:૩૦ કલાકે |

**દ્વિતિય લગ્ન**

| | |
|---|---|
| ✻ કન્યાપક્ષ આગમન | :બપોરે ૨:૩૦ વાગ્યે |
| ✻ જાન આગમન | :બપોરે ૩:૦૦ વાગ્યે |
| ✻ મંડપ, ગણેશપૂજા | :બપોરે ૩:૦૦ થી ૪:૦૦ સુધી |
| ✻ લગ્નવિધિ | :૪:૦૦ થી ૬:૦૦ સુધી |
| ✻ ભોજન પ્રસાદ | :૦૬:૩૦ થી ૭:૩૦ સુધી |
| ✻ કન્યા વિદાય | :સાંજે ૦૮:૦૦ વાગ્યે |

## ઉમા આદર્શ લગ્નનો ઉદેશ.............

૧. સમાજને આર્થિક રીતે સુદૃઢ બનાવવાનું અને ખોટા કુરિવાજોથી બચાવવાનું શ્રેષ્ઠ સામાજિક અભિયાન.
૨. માઁ ઉમાના સાનિધ્યમાં લગ્નવિધિનો અદભુત લ્હાવો. અને માઁ ઉમાનાં આશીર્વાદથી નવજીવનની શરૂઆત.
૩. લગ્ન એટલે અતિરેક ખર્ચ કરવાનો પ્રસંગ, એવી આપણા સમાજની માનસિકતા બદલવાનો પ્રયાસ.
૪. સમાજ દ્વારા સમાજ માટે ચલાવાતું અભિયાન.

# લગ્ન અંગેનું બાંહેધરી પત્ર

આથી અમો નીચે સહી કરનાર બન્ને પક્ષનાં વાલીઓ આ બાહેંધરી પત્ર લખી આપીએ છીએ કે અમારા પુત્ર ..............................અને પુત્રી ............................ના લગ્ન માટે શ્રી કડવા પાટીદાર કન્યા કેળવણી મંડળ ટ્રસ્ટ-મોરબી સંચાલીત ઉમા સંસ્કારધામ અંતર્ગત ઉમા આદર્શ લગ્ન અભિયાનમાં જોડાયેલ છીએ. આ અંગેના બન્ને પક્ષના ભરણ પોષણ કે હક્ક દાવા અંગેના કે અન્ય કોઈ પણ પ્રકારનાં કોર્ટ કેસ ચાલતા નથી. આમ છતા ભવિષ્યમાં આ અંગે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે તો તેની તમામ જવાબદારી અમો પક્ષકારોની રહેશે. જેમાં સંસ્થાની કોઈપણ જવાબદારી રહેશે નહી. જેની આથી અમો આ બાહેંધરી સમજી વિચારીને લખી આપીએ છીએ.

સહીઃ .........................
(કન્યા પક્ષ)

સહીઃ .........................
(વરપક્ષ)

❖ ઉપરોકત તમામ નિયમોમાં ફેરફાર કરવાનો અધિકાર સંસ્થાનો રહેશે.

❖ વિશેષ માહિતી કે માર્ગદર્શન માટે ચેરમેનશ્રી એ.કે.પટેલ મો.નં. ૯૦૯૯૦૧૮૨૧૮ પર સંપર્ક કરવો.

**બેચરભાઈ કે. હોથી**
પ્રમુખશ્રી

**ત્રંબકભાઈ એસ. ફેફર**
ઉપપ્રમુખશ્રી

**એ.કે.પટેલ**
ચેરમેનશ્રી, ઉમા સંસ્કારધામ

...તથા તમામ ટ્રસ્ટીશ્રીઓ...

**સરનામું : ઉમા સંસ્કારધામ (સમાજ વાડી) મોરબી–રાજકોટ હાઈવે, મોરબી–૩૬૩ ૬૪૧**

## ઉમા આદર્શ લગ્ન નોંધણી
## પૂછપરછ માટે
## મો. ૯૭૩૭૫ ૨૨૮૨૨